## સેકન્ડરી ટીચર્સ ટ્રેનીંગ કોલેજ, વિસનગર

## વર્ગ-૩ જુનિયર ક્લાર્ક પ્રાથમિક લેખિત પરીક્ષા તબક્કો :-૦૨

**તારીખ:- ૨૯/૦૯/૨૦૨૪ સમય:- ૧૧ થી ૦૧**

**બેઠક નંબર :________**

**કુલ માર્ક્સ :- ૨૦૦**

### ઉમેદવાર માટેની સુચનાઓ:

૧. ભાગ-૨ ની મુખ્ય પરીક્ષા MCQ પ્રકારના પ્રશ્નોની રહેશે જેમાં ૨૦૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૦૧ (એક) ગુણ લેખે કુલ ૨૦૦ ગુણની રહેશે.

૨. પરીક્ષાનો સમય ૧૨૦ મીનીટનો રહેશે.

૩. ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

૪. ખોટા જવાબ દીઠ, છેકછાકવાળા જવાબદીઠ કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબદીઠ, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. નેગેટીવ માર્કિંગ પદ્ધતિ લાગુ પડશે.

૫. દરેક પ્રશ્નના જવાબમાં એક વિકલ્પ E " Not Attempted" રહશે. ઉમેદવાર કોઇ પ્રશ્નનો જવાબ આપવા ના ઈચ્છતા હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે. અને E " Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કિંગ લાગુ પડશે નહી.

૬. પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઇપણ વિકલ્પ પસંદ નહી કરવામાં આવે તો મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે.

---

(૧) When Vinay reached at station, his father……………………..on the cell phone.

(A) talked (B) is talking (C) was talking (D) had talked

(૨) Patients……………………….. in this government hospital every day.

(A) admit (B) are admitted(C) are admitting(D) have admitted

(૩) Vimal said, “ Shobha, how are you?” (Choose correct reported speech)

(A) Vimal asked to Shobha that how she was.

(B) Vimal asked Shobha how she was.

(C) Vimal told Shobha that how she was.

(D) Vimal inquired to Shobha how was she.



Scanned with CamScanner

(૪) Policeman said to thief, "Stop". (Choose correct reported speech)

(A) Policeman ordered that thief stop. (B) Policeman ordered thief to stop.

(C) Policeman told thief if he stopped. (D) Policeman asked thief to stop.

(૫) How costly this watch is !(Choose correct answer)

(A) This watch is not so costly. (B) This watch is very costly.

(C) This watch is how costly. (D) How is this watch is costly ?

(૬) ………………dog is …….. faithful animal.

(A) A, the (B) A,a (C) The, a (D) None of these

(૭) Niraj Chopra got ……………first prize in competition.

(A) a (B) the (C) this (D) none of these

(૮) Distribute these sweet…………..the children.

(A) all (B) between (C) each other (D) among

(૯) Prabhat is good…………….. English.

(A) on (B) with (C) in (D) at

(૧૦) He has finished his work quickly. (What the underlined word denotes?)

(A)adverb (B) verb (C) adjective (D) noun

(૧૧) Sita is a teacher. (Choose correct type of noun for underlined words)

( A) common, proper (B) proper, common

(C) proper, proper (D) none of these

(૧૨) The crowd was very big. (Choose correct type of noun for underlined words)

(A) abstract noun (B) common noun (C) proper noun (D) collective noun



Scanned with CamScanner

(૧૩) He backed up his friend's claim.(Choose correct replacement for underlined words)

(A) opposed (B) back down (C) supported (D) none of these

(૧૪) He was cut of in the prime of life. .(Choose correct replacement for underlined words)

(A) died (B) cut down (C) stopped ( D) interpreted

(૧૫) Select the appropriate synonym for the word 'Fasten'.

(A) detach (B) undo (C) above (D) Bolt

(૧૬) Select the appropriate antonym for the word 'deplore'

(A) praise (B) mourn (C) dislike (D) none

(૧૭) A life story of a person written by himself.

(A) Autobiography (B) Biography (C) Climax (D) Catastrophe

(૧૮) In which one of the following words the 'prefix' used is not correct.

(A) supertell (B) supernatural (C) superman (D) supersonic

(૧૯) These people are artists……………………skills are extra ordinary.

(A) Their (B) There (C) Ther're (D) They or

(૨૦) We………. off cold cloths and bought new ones for Diwali.

(A) cast (B) caste (C) coast (D) cost

(૨૧) નીચેનામાંથી કયા રૂઢિપ્રયોગનો અર્થ 'મરણીયા થઈને કામ કરવું એવો થાય છે?

(A) જીવ ઉડી જવો (B) જીવ ખાવો (C) જીવ ઉપર આવવું (D)જીવ અધ્ધર થવો

(૨૨) 'દાણો ચાંપી જોવો' રૂઢિપ્રયોગનો અર્થ જણાવો.

(A) પ્રયત્ન કરી જોવો (B) દાણો ચકાસવો (C) દાણો બાળવો (D) નિરિક્ષણ કરવું



Scanned with CamScanner

(૨૩) 'ગમે તેવા વખતે પણ માણસનો અસલ સ્વભાવ ન બદલાય' –આ વાક્ય માટે નીચેનામાંથી કઇ કહેવતનો ઉપયોગ થશે?

(A) બહારથી સારું લાગે તે બધું સારું હોતું નથી (B) કુવામાં હોય તો હવાડામાં આવે

(C) ઇચ્છા હોય તેવું થાય (D) દોરડી બળે પણ વળ પણ ન છોડે

(૨૪) નીચેનામાંથી કઇ બાબત કહેવત માટે બંધબેસતી નથી?

(A) કહેવતનું મૂળ જનમાનસના ડહાપણમાં છે. (B) કહેવતના સર્જક હોતા નથી

(C) તે લોક સમૂહમાં પ્રચલિત છે (D) કહેવત કાલ લિંગ અને વચન પ્રમાણે બદલાય છે

(૨૫) -નીચે વિરુદ્ધાર્થી શબ્દના જોડકાં આપ્યા છે,તેમાં કયું જોડકું યોગ્ય નથી?

(A) સ્થિર Xઅસ્થિર (B) હરખ X શોક (C) શીતળ X ઠંડું (D) નિર્બળ X સબળ

(૨૬) નીચે આપેલ શબ્દોમાંથી કયો શબ્દ 'અકિંચન' શબ્દનો વિરોધી શબ્દ છે?

(A) નિર્ધન (B) શ્રીમંત (C) દીન (D)અડચણ

(૨૭) નીચે આપેલ શબ્દોમાંથી 'વારિધિ' શબ્દનો સમાનાર્થી શબ્દ કયો નથી?

(A) રત્નાકર (B) નિર્ઝર (C) જલધિ (D) અબ્ધિ

(૨૮) નીચે આપેલ સમાનાર્થી શબ્દોનું કયું જોડકું સાચું નથી ?

(A) ગિરા=વાચા (B) રાન=અરણ્ય (C) છજું =અટારી (D) ગ્રીવા=જિહ્વા

(૨૯) નીચે આપેલ શબ્દોમાંથી કયા શબ્દની જોડણી ખોટી છે?

(A) ઝીણવટ (B) ભૂલથાપ (C) પીવડાવવું (D) સામાજિક

(૩૦) નીચેનામાંથી કઇ જોડણી સાચી છે?

(A) ચિત્રવિચિત્ર (B) ચીત્રવીચીત્ર (C) ચિત્રવીચિત્ર (D) ચિત્રવીચીત્ર

(૩૧) નીચેનામાંથી કયા શબ્દનો સંધિવિગ્રહ આ+ઈ=એ નિયમ પ્રમાણે થશે?

(A) યોગીશ્વર (B) સદૈવ (C) મહેશ (D) પ્રત્યક્ષ

(૩૨) નીચેનામાંથી કયા શબ્દનો સંધિવિગ્રહ ખોટો છે?

(A) જગત્+નાથ=જગન્નાથ (B) ઉત્+ચાર=ઉચ્ચાર

(C) તદ્+લીન =તલ્લીન (D) દિક્+અંબર=દિકંબર



Scanned with CamScanner

(૩૩) નીચેનામાંથી કયું ઉદાહરણ ઉપપદ સમાસનું નથી?

(A) પૂર્વકાય (B) મનોહર (C) સર્વજ્ઞ (D) સુખદ

(૩૪) નીચેનામાંથી કયું ઉદાહરણ માધ્યમપદલોપી સમાસનું છે?

(A) અતિવૃષ્ટિ (B) અનાદર (C) પરમેશ્વર (D) રેખાચિત્ર

(૩૫) નીચેનામાંથી કયું ઉદાહરણ અંત્યાનુપ્રાસ અલંકારનું છે?

(A) નાનું સરખું ગોકુળિયું મારે વાલે વૈકુઠ કીધું રે,

ભક્તજનોને લાડ લડાવી ગોપીઓને સુખ દીધું રે.

(B) નકશામાં જોયું તે ન કશામાં જોયું (C) હવે રંગ,બની તંગ મચાવી જંગ ,પીયોજી ભંગ !

(D) લેશ ન લીધો લલિત ઉરોનો લ્હાવ જો.

(૩૬) 'એક તરફ છિપાઈ ગઈ રણની તૃષા.'પંક્તિમાં રહેલ અલંકાર જણાવો

(A) વ્યતિરેક (B) રૂપક (C) ઉત્પ્રેક્ષા (D) સજીવારોપણ

(૩૭) છંદમાં લઘુ અક્ષર ક્યારે ગુરુ બનતો નથી?

(A) પંક્તિના અંતે આવેલો લઘુ વર્ણ (B) જે વર્ણમાં તીવ્ર અનુસ્વાર આવે તે વર્ણ

(C) જે વર્ણમાં કોમળ અનુસ્વાર આવે તે વર્ણ (D) જે વર્ણ સાથે વિસર્ગનું ઉચ્ચારણ કરવું પડે તે વર્ણ

(૩૮) 'ઘડી છોડી દે ને ગડમથલ તારા જગતની'- પંક્તિમાં રહેલ છંદ ઓળખો.

(A) પૃથ્વી (B) મંદાક્રાન્તા (C) હરિણી (D) શિખરિણી

(૩૯) નીચેનામાંથી શબ્દસમૂહનું કયું જોડકું ખોટું છે?

(A) મજબૂત અને ટકાઉ નહિ તેવું - તકલાદી (B) મેળવવામાં મુશ્કેલ હોય તેવું – સુલભ

(C) આહાર બંધ કરવો તે – અનશન (D) યુદ્ધે ચડેલી વિરાંગના- રણચંડી

(૪૦) 'વદતોવ્યાઘાત' શબ્દ નીચેના માંથી કયા શબ્દસમૂહ માટે વપરાય છે?

(A)પોતે બોલેલી વાતથી વિરુદ્ધ બોલવું તે (B) એકની એક વાત વારંવાર કરવી તે

(C) પોતાના જ બોલેલા શબ્દો ફરી સંભળાવા તે (D) પોતાની જ પ્રસંશા કરાવી તે

(૪૧) સાંપ્રદાયિક ચૂંટણીના પિતા તરીકે કોણ ઓળખાય છે ?

(A) લોર્ડ મિન્ટો (B) લોર્ડ રિપન (C) લોર્ડ કેનિંગ ( D)લોર્ડ વોરન હેસ્ટિંગ્સ



Scanned with CamScanner

(૪૨) લોકસભામાં ગુજરાતની કેટલી બેઠકો છે ?

(A) ૨૮ (B) ૨૨ (C) ૨૪ (D) ૨૬

(૪૩) નીચેનામાંથી કઈ ભારતીય બંધારણ માન્ય ભાષાઓની યાદીમાં નથી ?

(A) નેપાળી (B) રાજસ્થાની (C) સિંધી (D) બોડો

(૪૪) મૂળભૂત ફરજોનો વિચાર કયા રાષ્ટ્રના બંધારણમાંથી સ્વીકારવામાં આવ્યો છે ?

(A) રશિયા (B) અમેરિકા (C) ફ્રાંશ (D) ઇંગ્લેન્ડ

(૪૫) સંઘ સૂચિ, રાજ્ય સૂચિ કે સમવર્તી સૂચિમાંથી એકેયમાં સમાવિષ્ટ ન હોય તેવા વિષય પર કાયદો કોણ બનાવી શકે છે ?

(A) માત્ર રાજ્ય સરકાર (B) કેન્દ્ર કે રાજ્ય સરકાર બંને

(C) માત્ર કેન્દ્ર સરકાર (D) કેન્દ્ર સરકારની મંજૂરી લઈ રાજય સરકાર

(૪૬) જિલ્લા ન્યાયાધીશોની નિમણૂંક કોણ કરે છે ?

(A) રાજયપાલ (B) હાઇકોર્ટના મુખ્ય ન્યાયમુર્તિ

(C) રાજ્યના મુખ્યમંત્રી (D) સુપ્રીમ કોર્ટના ન્યાયમુર્તિ

(૪૭) રાજ્યના પ્રથમ કાયદા અધિકારી તરીકે કોણ ગણાય છે ?

(A) મુખ્યમંત્રી (B) રાજપાલ (C) હાઇકોર્ટના મુખ્ય ન્યાયમુર્તિ (D ) એડવોકેટ જનરલ

(૪૮) ભારતમાં પંચાયતી રાજની સ્થાપના સૌ પ્રથમ કયા રાજયમાં થઇ હતી ?

(A) ગુજરાત (B) રાજસ્થાન (C) મહારાષ્ટ્ર (D) મધ્યપ્રદેશ

(૪૯) ભાષાને આધારે ગઠિત થનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું છે ?

(A) આંધ્રપ્રદેશ (B) ત્રિપુરા (C) મેઘાલય (D) અરુણાચલપ્રદેશ

(૫૦) કઈ સમિતિની ભલામણોને લીધે દેશમાં પંચાયતી રાજની સ્થાપના થઈ ?

(A) જીવરાજ મહેતા સમિતિ (B) જે.પી. નારાયણ સમિતિ

(C) વલ્લભભાઇ પટેલ અને આંબેડકર સમિતિ (D) બળવંતરાય મહેતા સમિતિ

(૫૧) નગરપાલિકાનું વિસર્જન થતાં કેટલા સમયમાં ચૂંટણી કરવી પડે ?

(A) ચાર માહિનામાં (B) છ માહિનામાં (C) ત્રણ મહિનામાં (D) આઠ મહિનામાં



Scanned with CamScanner

(૫૨) RTI Act ભારતના કયા વડાપ્રધાનના કાર્યકાળમાં બનાવવામાં આવ્યો હતો ?

(A) શ્રી નરેન્દ્ર મોદી (B) શ્રી અટલ બિહારી બાજપાઇ

( C ) ડો.મનમોહનસિંહ (D) આપેલમાંથી એકપણ નહીં

(૫૩) RTI Act ભારતમાં ક્યારે લાગુ કરવામાં આવ્યો ?

(A) ૨૫.૯.૨૦૦૫ (B) ૨૦.૧૦.૨૦૦૫ (C) ૧૨.૦૯.૨૦૦૫ (D) ૧૨.૧૦.૨૦૦૫

(૫૪) રાષ્ટ્રપતિને આપેલમાંથી કોને સંસદમાં નિયુક્ત કરવાની સત્તા છે ?

(A) અનુસૂચિત જનજાતિ (B) અનુસુચિત જાતિ (C) એન.આર.આઇ. (D) એંગલો ઇંડિયન

(૫૫) ભારત સરકારના નાણાકીય વહીવટની તપાસ કોણ કરે છે ?

(A) SC (સુપ્રીમ કોર્ટ) (B) RBI (C) CAG (D) CBI

(૫૬) કયા રાજયનું વિધાન પરિષદ સૌથી વધુ સભ્ય ધરાવે છે ?

(A) ઉત્તરપ્રદેશ (B) મહારાષ્ટ્ર (C) આંધ્રપ્રદેશ ( D) કર્ણાટક

(૫૭) શિક્ષણનો સમાવેશ કઇ યાદીમાં કરવામાં આવેલ છે ?

A. સંઘ યાદી B. રાજ્ય યાદી C. સમવર્તી યાદી D. આપેલ પૈકી એકપણ નહીં

(૫૮) સંઘ સાથે જોડાયેલ ન હોય તેવા પ્રદેશ કે રાજ્યને ભારતીય સંઘમાં જોડવાની જોગવાઇ બંધારણના કયા અનુચ્છેદમાં છે ?

(A) અનુચ્છેદ – ૩ (B) અનુચ્છેદ – ૧ (C) અનુચ્છેદ – ૪ (D) અનુચ્છેદ – ૨

(૫૯) ઉચ્ચતમ ન્યાયાલય દ્વારા નીચેનામાંથી કયા કેસમાં એવો ચુકાદો આપ્યો કે આમુખ બંધારણનો ભાગ નથી ?

A. બેરુબારી કેસ- 1960 B. કેશવાનંદ ભરતી કેસ – 1973

C. 1 લો બંધારણીય સુધારનો કેસ – 1951 D. 86માં બંધારણીય સુધારાનો કેસ – 2002

(૬૦) કેબિનેટ મિશનમાં નીચેનામાંથી કોણ સભ્ય તરીકે ન હતા ?

(A) પેથિક લોરેન્સ (B) સ્ટીફર્ડ ક્રિપ્સ (C) વિલિયમ પીટ (D) એ.વી.એલેકઝાન્ડર

(૬૧) બાદશાહ જહાંગીર પાસેથી વેપાર માટે કોઠીઓ સ્થાપવાની પરવાનગી કોણે મેળવી ?

(A) વોરન હેસ્ટિંગ્સ (B) કોર્નવોલીસ (C) સર થોમસ રો (D) વેલેસ્લી



Scanned with CamScanner

(૬૨) બંધારણ સભામાં કેટલા સભ્યોની સંખ્યા કેબિનેટ મિશન અંતર્ગત નક્કી કરવામાં આવી ?

(A) ૨૯૯ (B) ૩૮૯ (C) ૨૧૧ (D) ૩૫૧

(૬૩) રાજ્યપાલને 'સોનાના પિંજરામાં રહેતા પંખી' સાથે કોણે સરખાવ્યા છે ?

(A) ક.મા.મુનશી (B) સરોજિની નાયડુ (C) સુભાષ કશ્યપ (D) ન્યાયમૂર્તિ પી.એન.ભગવતી

(૬૪) રાજ્ય મંત્રી પરિષદમાં કોનો સમાવેશ થાય છે ?

(A) કેબિનેટ મંત્રી (B) રાજ્યમંત્રી (C) ઉપમંત્રી (D) ઉપરના બધા જ

(૬૫) સંવિધાન સભાના સંવૈધાનિકસલાહકાર કોણ હતા ?

(A) ડો.રાજેન્દ્ર પ્રસાદ (B) બી.એન.રાવ (C) પંડિત જવાહરલાલ નહેરુ (D) ડો.બી.આર.આંબેડકર

(૬૬) બંધારણ સભાના સદસ્યોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) ગાંધીજી (B) મહમદ અલી ઝીણા (C) જયપ્રકાશ નારાયણ (D) ઉપરના બધા જ

(૬૭) બંધારણ સભાના સ્થાયી અધ્યક્ષ કોણ હતા ?

A. ડો.રાજેન્દ્ર પ્રસાદ B. સચ્ચિદાનંદ સિંહા C. ડો.આંબેડકર D. વલ્લભભાઇ પટેલ

(૬૮) RTI એક્ટ ભારતની સંસદમાં ક્યારે રજૂ થયો ?

A. ૧૫ જૂન, ૨૦૦૫_ B. ૧૦ જૂન, ૨૦૦૫ C. ૧૨ જૂન, ૨૦૦૫ D.25 જૂન, 2005

(૬૯) RTI એક્ટ અંતર્ગત ૩૦ દિવસમાં માહિતી ન મળે તો કયા નામુનામાં અપીલ કરી શકો છો ?

A. નમૂનો-ક B. નમૂનો ખ C. નમૂનો-ગ D. નમૂનો – ચ

(૭૦) ભારતના પ્રથમ સ્ત્રી રાજદૂત કોણ હતા ?

A. સરોજિની નાયડુ B. વિજયાલક્ષ્મી પંડિત C. સુચેતા કૃપલાની D. ઇન્દિરા ગાંધી

(૭૧) ગુજરાતમાં સૌ પ્રથમ પ્રાપ્ત થનાર સિંધુ સભ્યતાનું સ્થળ કયું છે ?

(A) દેસલપર (B) સૂરકોટડા (C ) રંગપુર ( D)ધોળાવીરા

( ૭૨) સિંધુ ઘાટી સભ્યાતાનું નીચેના પૈકી કયું સ્થળ ગુજરાતમાં આવેલું છે ?

(A) મોહે-જો- દડો (B) કોટ દીજી (C) કાલિબંગા (D) દેસલપર

(૭૩ ) "ત્રિપિટક" કઇ ભાષામાં લખાયેલ છે ?

(A) ગુજરાતી (B) પાલિ (C) અર્ધ માગધી (D) સંસ્કૃત



Scanned with CamScanner

(૭૪) એકમાત્ર સ્ત્રી તીર્થંકર કોણ છે ?

(A) કુંથુંનાથ (B) અરનાથ (C) શીતલનાથ (D) મલ્લિનાથ

(૭૫) 'રાજ્ય જાસૂસ' અને 'રાજાની સવારી'નું સુપ્રસિધ્ધ ચિત્ર ક્યાંથી મળી આવ્યું છે ?

(A) રાવણ છાયા ગુફા (B) અજંતાની ગુફા (C) ઇલોરાની ગુફા (D) બાધની ગુફા

(૭૬) ઇલોરાની ગુફાઓમાં કુલ કેટલી ગુફાઓ આવેલી છે ?

(A) ૩૧ (B) ૩૨ (C) ૩૩ (D) ૩૪

(૭૭) કોણાર્ક સૂર્યમંદિરનું નિર્માણ કોના સમયમાં થયું હતું ?

(A) રાજેન્દ્રસિંહ પ્રથમ (B) મહેન્દ્ર વર્મન (C) નરસિંહદેવ પ્રથમ (D) સૂર્યનાથ વર્મન

(૭૮) સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના ગુણભાખરી ગામમાં કયો મેળો ભરાય છે ?

(A) ભાડ ભૂતનો મેળો (B) ચૂલનો મેળો (C) ચિત્ર વિચિત્ર મેળો (D) પલોદરનો મેળો

(૭૯) 'ભવાઇ' ના પૂર્વજ નીચેના પૈકી કોણ છે?

(A) બૈજનાથ (B) અસાઇત (C) નરસિંહ (D) ગૂસાઇ

(૮૦) મૈત્રક વંશના રાજા ધ્રુવસેન બીજાના સમયમાં પાટનગર વલભીની મુલાકાત કયા ચીની મુસાફરે લીધી હતી ?

(A) ફાહિયાન (B) વાગ – હયુએન – ત્સે (C) હ્યુ – એન –ત્સંગ (D) એકપણ નહીં

(૮૧) નીચેના સોલંકી રાજાઓને તેમના સામના ક્રમ પ્રમાણે ગોઠવો.

1. ભીમદેવ-૧ 2. કુમારપાળ 3. સિધ્ધરાજ 4. દુર્લભરાજ

(A) 1,3,2,4 (B) 4,1,3,2 (C) 4,3,2,1 (D) 1,3,4,2

(૮૨) ગુજરાતમાં સમાજ અને ધર્મ સુધાર સાથે જોડાયેલ આગેવાનોની કઇ જોડ યોગ્ય નથી ?

(A) પરમહંસ સભા- દાદોબા (B) સ્વદેશી હિતેચ્છુ મંડળ – નર્મદ

(C) માનવધર્મ સભા – દુર્ગારામ મહેતા (D) બુધ્ધિવર્ધક સભા – દીન મણિશંકર

(૮૩) વેડછી આશ્રમની સ્થાપના કોણે કરી હતી ?

(A) ગિજુભાઇ બધેકા (B) જુગતરામ દવે (C) આચાર્ય કૃપલાણી (D) નાનાભાઇ ભટ્ટ

(૮૪) ગાંધીજીએ આપેલ એકાદશ વ્રતોમાં "અપરિગ્રહ" નો અર્થ જણાવો ?

(A) જુઠું ન બોલવું (B) દાન આપવું (C) ચોરી ન કરવી (D)અનાવશ્યક સંચય ન કરવો



Scanned with CamScanner

(૮૫) સાંખ્ય દર્શનના રચયિતા કોણ ગણાય છે ?

(A) ઋષિ વિશ્વામિત્ર (B) મહર્ષિ કપિલ (C) વેદવ્યાસ (D) ઋષિ અત્રિ

(૮૬) નીચેના પૈકી કઇ શૈલીમાં 'હિંડોળા રાગ' આધારિત રાધા-કૃષ્ણના ચિત્રોને રજૂ કરવામાં આવે છે?

(A) પહાડી શૈલી (B) મેવાડ શૈલી (C) બુંદી શૈલી (D) મારવાડ શૈલી

(૮૭) જલ તરંગ કયા પ્રકારનું વાધ્ય છે ?

(A) સુષિર (B) ઘન (C) તત – વિતત (D) અવનધ્ય

(૮૮) 'The Statue of Unity' ના શિલ્પકાર કોણ છે ?

(A) બિમલ પટેલ (B) રામ સુતાર (C) સત્યપાલ ત્રિપાઠી (D) મદનમોહન કશ્યપ

(૮૯) નીચેના પૈકી કયા રાજયમાં આવેલા એહોલ અભિલેખમાં મૈત્રક વંશનો ઉલ્લેખ જોવા મળે છે ?

(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) બિહાર (D) કર્ણાટક

(૯૦) આરઝી હકૂમતની સ્થાપના કયા સ્થળે કરવામાં આવી હતી ?

(A) મુંબઇ (B) અમદાવાદ (C) જુનાગઢ (D) સુરત

(૯૧) .................... થી કર્કવૃત્ત પસાર થતો નથી ?

(A) રાજસ્થાન (B) ઓડીસા (C) ત્રિપુરા (D) છતીસગઢ

(૯૨) નીચેના પૈકી કયો કેન્દ્રશાસીત પ્રદેશ સૌથી વધુ જમીન વિસ્તાર ધરાવે છે ?

(A) લક્ષદ્વીપ (B) પુડુચેરી (C) દમણ અને દીવ (D) ચંડીગઢ

(૯૩) નીચેનામાંથી કઇ પર્વતમાળા ગેડ પર્વતો થી બનેલી છે ?

(A) અરવલ્લી પર્વતમાળા (B) હિમાલયની પર્વતમાળા

(C) સાતપુડાની પર્વતમાળા (D) વિંધ્યની પર્વતમાળા

(૯૪) નીચેનામાંથી કઇ નદી અસમમાંથી વહેતી નથી.

(૧) તીસ્તા (૨) બરાક (૩) કોપીલ (૪) હુગલી (૫) ધલેશ્વેરી

(A) ફક્ત ૧,૨, અને ૪ (B) ફક્ત ૧ અને ૪ (C) ફક્ત ૨,૩, અને ૫ (D) આપેલ તમામ

(૯૫) સિંચાઇ યોજના અને નદીની ખોટી જોડી શોધો.

(A) હીરાકુંડ- કૃષ્ણા નદી (B) તહેરી- ભગીરથ નદી

(C) ભાખરા નાગલ – સતલજ નદી (D) દુલહસ્તી- ચંદ્રા નદી



Scanned with CamScanner

(૯૬) ભારતના કયા રાજ્યમાં બંદીપુર નેશનલ પાર્ક આવેલ છે ?

(A) ઓરિસ્સા (B) કર્ણાટક (C) ઉત્તરાખંડ (D) મધ્યપ્રદેશ

(૯૭) કયું ખનીજ દરિયાનાં પાણીના શુધ્ધિકરણમાં વપરાય છે ?

(A) લિગ્નાઇટ (B) બોકસાઇટ (C) ડોલોમાઇટ (D) ગ્રેફાઇટ

(૯૮) અમદાવાદ અને મુંબઇ વચ્ચે રેલ્વે લીંક ક્યારે સ્થપાઇ ?

(A)1960 (B) 1864 (C) 1860 (D) 1908

(૯૯) તોડા આદિજાતિનું નિવાસસ્થાન ............. માં છે ?

(A) ઈરામાલા પહાડીઓ (B) શિવાલિક પહાડીઓ

(C) મહાદેવ પહાડીઓ (D) નીલગીરી પહાડીઓ

(૧૦૦) અંદામાન ટાપુની મોટાભાગની આદિજાતિ વસ્તી ................ છે .

(A) ઓસ્ટ્રેલોઇડ વંશ (B) કોકસોઇડ વંશ(C) મંગોલોયડ વંશ (D) નેગ્રીટો વંશ

(૧૦૧) જ્યારે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા વેપારી બેંકોને લાંબા ગાળાનું ધિરાણ જે વ્યાજના દરે આપે તેને શુ કહેવાય ?

(A) રેપોરેટ (B) રિઝર્વ રેપોરેટ (C) બેંક રેટ (D) ઉપરોક્ત માંથી એકપણ નહી

(૧૦૨) સૌથી વધુ વિદેશી હુંડીયામણ કમાવી આપતો ઔષધીય પાક કયો છે ?

(A) હળદર (B) ઇસબગુલ (C) કાથો (D) આંબળા

(૧૦૩) ISO 9201 માનક પ્રમાણપત્ર શેની સાથે સબંધિત છે ?

(A) ખાધ્ય સુરક્ષા સબંધી (B) આભૂષણો સબંધી

(C) પર્યાવરણ સબંધી (D) સુરક્ષા વ્યવસ્થા સબંધી

(૧૦૪) ભારતમાં હરિત ક્રાંતિના જનક કોણ હતા ?

(A) એમ.એસ. સ્વાયીનાથન (B) નોરમન બોરલોગ (C) કે.સી.નીયોગી (D) એક પણ નહી

(૧૦૫) ચંદ્રયાન-૩ એ ચંદ્રની ધરતી પર તા.૨૩/૦૮/૨૦૨૩ ના રોજ ઉતરાણ કર્યું હતું. એ ચંદ્રયાન-૩ એ ઉડાન કઇ તારીખે કરી હતી ?

(A) ૧૪/૦૭/૨૦૨૩ (B) ૧૫/૦૮/૨૦૨૩ (C) ૦૧/૦૫/૨૦૨૩ (D) ૨૬/૦૧/૨૦૨૩



Scanned with CamScanner

(૧૦૬) ટીબી નાબુદી માટે કઇ યોજના અમલમાં મૂકવામાં આવી છે ?

(A) નિ-ક્ષય મિત્ર (B) અક્ષય મિત્ર (C) દત્તક મિત્ર (D) પાલક મિત્ર

(૧૦૭) અંતરીક્ષ યાન ઇન્સેટ-3 ૨૦૦૨ માટે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) ભારતીય પ્રયોગાત્મક ઉપગ્રહનું પ્રક્ષેપણ (B) ગુરુ ગ્રહના સંશોધન માટે

(C) કલ્પના – I ઉપગ્રહ સાથે શ્રી હરીકોટાથી છોડાયો (D) કોઉરુંથી ભારતીય ઉપગ્રહ તરતો મુકાયો

(૧૦૮) ભારતનું પ્રથમ સ્વનિર્મિત પરમાણું ઉર્જા રીએક્ટર ક્યાં છે ?

(A) કલ્પક્કમ ( તામીલનાડુ) B) તારાપુર ( મહારાષ્ટ્ર)

(C) રાવટાભાતા ( રાજસ્થાન) (D) કાકરાપાર ( ગુજરાત)

(૧૦૯) ચક્રવાતમાં ગરમ અને ઠંડા વાતાગ્રહ એકબીજામાં ભળી જાય ત્યારે ક્યા વાતાગ્રહ સર્જાય છે ?

(A) ગરમ (B) ઠંડો (C) ધ્રુવીય (D) ઓકલુડેડ

(૧૧૦) ઓસ્ટ્રેલીયાના વ્યાયવ કિનારા પાસે ઉદ્દ્ભવતા વેગીલા પવનોવાળા ચક્રવાતને શું કહે છે ?

(A) હરિકેન (B) ટાઇફૂન (C) વિલી-વિલી (D) ટોર્નેડો

(૧૧૧) કયું વૃક્ષ પર્યાવરણ વૃક્ષ તરીકે ઓળખાય છે ?

(A) ખીજડો (B) સીસમ (C) બોરસલી (D) પીપળો

(૧૧૨) રાજ્યે પર્યાવરણ સુરક્ષા અને સુધારણા તથા દેશના વનોની અને વન્ય પ્રાણીઓની જાળવણી કરવાની રહેશે.

(A) આર્ટીકલ 48 A (B) આર્ટીકલ 51 A (C) આર્ટીકલ 246 (D) એકપણ નહી

(૧૧૩) એગ્રીકલ્ચર લીડરશીપ એવોર્ડ ૨૦૨૪માં કયા રાજ્યને બગયાતમાં શ્રેષ્ઠ રાજ્યનો ખિતાબ એનાયત કરવામાં આવ્યો હતો ?

(A) નાગાલેન્ડ (B) મણિપુર (C) મિઝોરમ (D) આસામ

(૧૧૪) બરડીપાડાનું અભ્યારણ્ય કયા જીલ્લામાં આવેલું છે?

(A) ડાંગ (B) નવસારી (C) વલસાડ (D) જુનાગઢ

(૧૧૫) મધુવન પરિયોજના કઇ નદી પર આવેલ છે?

(A) પૂર્ણા (B) નર્મદા (C) વાત્રક (D) દમણગંગા

(૧૧૬) વાતાવરણમાં ઓઝોન વાયુના ગાબડા માટે જવાબદાર છે......

(A) સલ્ફર ઓકસાઇડ (B) ક્લોરોફ્લોરો કાર્બન (C) એલ્કિલ હેલાઇડ (D) ત્રણમાંથી એકપણ નહીં



Scanned with CamScanner

(૧૧૭) ઇન્ટરનેશનલ યુનિયન ફોર કન્જરર્વેશન ઓફ નેચર (IUCN) નું વડુ મથક ક્યાં આવેલું છે?

(A) પેરિસ (B) ગ્લાન્ડ (C) જીનેવા (D) ન્યુયોર્ક

(૧૧૮) હરપીસ રોગ શરીરના ક્યા અંગ સાથે સંકળાયેલ છે ?

(A) લોહી (B) ચામડી (C) યકૃત (D) આંખ

(૧૧૯) વિશ્વ મોસમ વિજ્ઞાન સંગઠનની સ્થાપના ક્યા વર્ષે કરવામાં આવી હતી ?

(A) ૧૯૫૦ (B) ૧૯૫૨ (C) ૧૯૬૫ (D) ૧૯૫૧

(૧૨૦) પર્યાવરણ સરક્ષણ ધારો કયારે અસ્તિત્વમાં આવ્યો ?

(A) 29 ઓગસ્ટ 1989 (B) 29 નવેમ્બર 1986 (C) 5 જુલાઈ 1990 (D) 5 સપ્ટેમ્બર 1996

(૧૨૧) ગુજરાતમાં કાગળના માવાનું ઉત્પાદન કરતી 'સેન્ટ્રલ પલ્સ મીલ' કયા જીલ્લામાં આવેલી છે ?

(A) અમદાવાદ (B) ભાવનગર (C) વડોદરા (D) સુરત

(૧૨૨) ચિપકો આંદોલનનો પ્રારંભ કયાં જિલ્લામાંથી થયો હતો ?

(A) રાજગઢ (B) ચમોલી (C) બુરહાનગઢ (D) ગહડવાલ

(૧૨૩) માનવ શરીરમાં હાડકાના રોગો માટે મુખ્યત્વે કયો પ્રદૂષક જવાબદાર છે?

(A) કાર્બન ડાયોક્સાઈડ (B) કાર્બન મોનોક્સાઈડ

(C) સલ્ફર ડાયોક્સાઈડ (D) પાણીમાં વધુ પડતા ક્લોરઇડની માત્રા

(૧૨૪) ............... પછી ભારતનો ભૂકંપગ્રસ્ત ઝોનીગ નકશો સુધારવામાં આવ્યો ?

(A) લાતુર ભૂકંપ (B) ચમોલી ભૂકંપ (C) આંદામાન ભૂકંપ (D) ભૂજ ભૂકંપ

(૧૨૫) ભારતનું ત્સુનામી ચેતવણી કેન્દ્ર ક્યાં સ્થાપવામાં આવ્યું છે ?

(A) ચેન્નઈ (B) ગોવા (C) કોચી (D) હૈદરાબાદ

(૧૨૬) Langmuir Preciptiation નામની પ્રાકૃતિક ઘટના કઈ કુદરતી આપત્તિ સાથે સંકળાયેલ છે ?

(A) કરાવૃષ્ટિ (B) વાદળ ફાટવું (C) જ્વાળામુખી વિસ્ફોટ (D) ચક્રવાત

(૧૨૭) એશિયાઇ સિંહોના સરક્ષણ માટે ક્યા વર્ષમાં ગીરમાં સિંહ પરિયોજના શરુ કરાઈ હતી ?

(A) ઈ.સ. 1972 (B) ઈ.સ. 1975 (C) ઈ.સ. 1976 (D) ઈ.સ. 1979

(૧૨૮) .................... દરયાઇ વિશ્વમાં એલ.પી.જી આયાત કરનાર સૌથી પ્રથમ ખાનગી બંદર છે.

(A) ભાવનગર (B) પોરબંદર (C) કંડલા (D) દહેજ



Scanned with CamScanner

(૧૨૯) દાવાનળ સંદર્ભે નીચેનામાંથી સાચા વિધાનો ચકાસો.

૧. તે કુદરતી ઘટના છે.

૨. દાવાનળની ઘટના ઉનાળાની ઋતુમાં વધુ જોવા મળે છે.

૩. જંગલમાં નિશ્ચિત અંતરે સુકાઈ ગયેલી વનસ્પતિનો નાશ કરવાથી દાવાનળને આગળ વધતો રોકી શકાય.

(A) ૧ અને ૩ (B) ૨ અને ત્રણ (C) ૧ અને ૨ (D) આપેલ તમામ

(૧૩૦) નોર્થ ઇસ્ટર્ન રેલ્વેનું વડું મથક ક્યાં આવેલું છે ?

(A) ગુવાહાટી (B) ગોરખપુર (C) કલકત્તા (D) અલ્હાબાદ

(૧૩૧) નીચેનામાંથી કયું મંત્રાલય " ગ્રામોદય સંકલ્પ" મેગેઝિન શરૂ કરવા તૈયાર છે ?

(A) સામાજિક ન્યાય મંત્રાલય (B) પંચાયતી રાજ મંત્રાલય

(C) ગૃહ મંત્રાલય (D) એકપણ નહી.

(૧૩૨) સૌ પ્રથમ ઝડપી ચાર્જીંગ ઈ-બસ " વીરા મહા સમ્રાટ " કયા શહેરમાં શરુ કરવામાં આવી હતી ?

(A) અમદાવાદ (B) ઉત્તર પ્રદેશ (C) આંધ્રપ્રદે (D) બેન્ગ્લુરું

(૧૩૩) ઓલેમ્પિકના ૧૨૮ વર્ષના ઇતિહાસમાં પહેલીવાર ઓપનિંગ સેરેમની સ્ટેડીયમની જગ્યાએ પેરિસમાં નદીના કિનારે યોજાઈ , તે નદીનું નામ ?

(A) રીન (B) સીન (C) નીમ ( D) કીમ

(૧૩૪) સૌપ્રથમ ભારતીય જ્ઞાનપીઠ અવોર્ડ નીચેનામાંથી કોને મળેલ હતો ?

(A) શ્રી રઘુવીર ચૌધરી (B) જી.શંકર કુરૂપ (C) શ્રી .પન્નાલાલ પટેલ (D) શ્રી રાજેન્દ્ર શાહ

(૧૩૫) કઈ સાલમાં યુનેસ્કોએ વૈશ્વિકવારસામાં ચાંપાનેર ને સામેલ કર્યું ?

(A) ૨૦૦૫ (B) ૨૦૦૪ (C) ૨૦૦૨ (D) ૨૦૦૩

(૧૩૬) BRICSની સભા કેટલા વર્ષે યોજાય છે ?

(A) દર ત્રણ વર્ષે (B) દર ચાર વર્ષે (C) દર બે વર્ષે (D) દર પાંચ વર્ષે

(૧૩૭) નોબેલ પ્રાઈઝ ક્યાં દિવસે એનાયત કરાય છે ?

(A) ૧૦ ડીસેમ્બર (B) ૫ ડીસેમ્બર (C) ૯ નવેમ્બર (D) ૭ ઓગસ્ટ

(૧૩૮) વર્ષ ૨૦૨૪ માં વિશ્વ યોગ દિવસની ઉજવણી માટે કઈ થીમ નક્કી કરવામાં આવી છે ?

(અ) યોગ ફોર વુમન એમ્પાવરમેન્ટ (બ) યોગ ફોર ઓલ

(ક) યોગ ફોર સ્પીરીચ્યુંલ એક્સપીરીયન્સ (ડ) યોગ- વન રેમેડી ફોર એવરીથીંગ



Scanned with CamScanner

(૧૩૯) પી.એમ.મિત્રા યોજનામાં મિત્રા એટલે શું ?

(A) મેગા ઇંટીગ્રેટેડ ટેકસટાઇલ રીજીયન એંડ એપેરલ (B) મેંગો ઇંટીગ્રેટેડ ટાઇટલ રિસ્ક એન્ડ

(C) માસ્ટર ઇંટીગ્રેટેડ ટેકસટાઇલ રીલીજીયન એવર (D) મેડ ઇન ગુજરાત ટેકસટાઇલ અટીરા

(૧૪૦) વિશ્વ આદિવાસી દિવસ ક્યારે ઉજવવામાં આવે છે ?

(A) ૧૨ મી ઓગસ્ટ (B) ૦૯ મી ઓગસ્ટ (C) ૧૨મી જાન્યુઆરી (D) ૧૨મી માર્ચ

(૧૪૧) ભારતના પ્રજાસત્તાક પર્વ-૨૦૨૪ની પરેડમાં ગુજરાતના ટેલ્બોની થીમ શું હતી ?

(A) ધોરડો : શ્રેષ્ઠ પ્રવાસન સ્થળ (B) ધોરડો : અમૂર્ત સાંસ્કૃતિક વારસો જાળવતું શહેર

(C) ધોરડો: ગુજરાતના બોર્ડર ટુરીઝમની વૈશ્વિક ઓળખ (D) ધોરડો: પક્ષી અભ્યારણ

(૧૪૨) તાજેતરમાં ભારતે કયા દિવસના રોજ પ્રથમ " રાષ્ટ્રીય અવકાશ દિવસ " ની ઉજવણી કરી હતી ?

(A) ૨૩ ઓગસ્ટ (B) ૨૫ ઓગસ્ટ (C) ૨૬ ઓગસ્ટ (D) ૨૭ ઓગસ્ટ

(૧૪૩) તાજેતરમાં " મોંગલા બંદર " ચર્ચા માં હતું , તે ક્યાં દેશ માં આવેલું છે ?

(A) ભુટાન B) ચીન (C) બાંગ્લાદેશ (D) ઓસ્ટ્રેલિયા

(૧૪૪) તાજેતરમાં કવાડ ( QUAD) વિદેશ મંત્રીઓની બેઠક યોજાઇ હતી. કવાડ જુથમાં નીચેનામાંથી ક્યાં દેશનો સમાવેશ થતો નથી ?

(A) ભારત (B) શ્રીલંકા (C) અમેરિકા (D) ચીન

(૧૪૫) કપૂરથલા શેના માટે જાણીતું છે ?

(A) રેલવેના ડબ્બા બનાવવાના કારખાના (B) લોખંડના કારખાના

(C) તાંબા ના કારખાના (D) સ્ટીલ કારખાના

(૧૪૬) વર્લ્ડ હાઇડ્રોજન એનર્જી સમીટ ૨૦૨૪ ક્યાં યોજાઇ હતી ?

(A) પેરીસ ( ફ્રાન્સ) (B) રોટરડેમ, નેધરલેંડ (C) લંડન, ઇંગ્લેન્ડ (D) દુબઇ ( UAE)

(૧૪૭) પેરિસ ઓલમ્પિક , ૨૦૨૪નો માસ્કોટ શું હતો?

(A) ફ્રિગેસ ( Phryges) (B) મૂંગચો ( Moongcho) (C) યોડલી ( Yodil) (D) સ્જોગ (Sjogg)

(૧૪૮) ગુજરાતમાં નીચેનામાંથી " નરસિંહ મહેતા અવોર્ડ ૨૦૨૪ " કોને એનાયેત કરવામાં આવશે ?

(A) કવિ કમાલ વોરા (B) અસિત વોરા (C) સ્વપ્નીલ ખુશાલ (D) એકપણ નહી



Scanned with CamScanner

(૧૪૯) તાજેતરમાં " નાગરિક (સંશોધન) અધિનિયમ ,૨૦૧૯ " (CAA) ની જોગવાઈ અનુસાર ભારતમાં ક્યા ત્રણ દેશોના શરણાર્થીઓને નાગરિકતા આપવમાં આવે છે ?

(A) પાકિસ્તાન , બાંગ્લાદેશ , ભુટાન (B) પાકિસ્તાન , બાંગ્લાદેશ, શ્રીલંકા

(C) પાકિસ્તાન , બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન (D) એકપણ નહી

(૧૫૦) ભારત-યુ.એસ સ્પેસ મિશન માટે તાજેતરમાં ભારતે તેના મુખ્ય અવકાશયાત્રી તરીકે કોની પસંદગી કરી છે ?

(A) કેપ્ટન સુભાષ ત્રિવેદી (B) કેપ્ટન કમલેશ ચૌહાણ (C) કેપ્ટન શુભાશું શુકલા (D) એકપણ નહી

(૧૫૧) (રાજસ્થાનના નવા રાજ્યપાલ તરીકે કોની નીમણુંક કરવામાં આવી છે ?

(A) શ્રી કેવલ્ય ત્રિવિક્રમ પારનાઈક (B) શ્રી ગંગા પ્રસાદ

(C) શ્રી હરીભાઉ કિશનરાવ બાગડે (D) શ્રી જગદીશ મુખી

(૧૫૨) નીચેનામાંથી સમગ્ર વિશ્વમાં ૧ થી ૭ ઓગસ્ટ દરમિયાન ક્યાં સમાહ ની ઉજવણી કરવામાં આવી હતી ?

(A) વિશ્વ પર્યાવરણ સમાહ (B) વિશ્વ વન્યજીવ સંરક્ષણ સમાહ

(C) વિશ્વ સ્તનપાન સમાહ (D) એક પણ નહી

(૧૫૩) નીચેનામાંથી ક્યાં દેશે પ્રથમ BIMSTEC બીઝનેસ સમિટનું આયોજન કર્યું હતું ?

(A) શ્રીલંકા (B) નેપાળ (C) બાંગ્લાદેશ (D) ભારત

(૧૫૪) તાજેતરમાં ઈન્ટરનેશનલ ચેસ ફેડરેશન ( FIDE) ના ગ્રાન્ડ માસ્ટરનો ખિતાબ જીતનાર ત્રીજી ભારતીય ચેસ ખેલાડી કોણ છે ?

(A) વૈશાલી રમેશ બાબુ (B) કોનેરુ હમ્પી (C) હરિકા દ્રોણાવલી (D) અંજના શર્મા

(૧૫૫) તાજેતરમાં વિકટોરિયા શી નામક AI-સંચાલિત ડીજીટલ પ્રવક્તા કોના દ્વારા લોન્ચ કરવામાં આવ્યું છે ?

(A) ગુગલ , USA (B) નીતિ આયોગ, ભારત (C) યુનેસ્કો (D) વિદેશ મંત્રાલય , યુક્રેન

(૧૫૬) તાજેતરમાં 3D –પ્રિન્ટેડ રોકેટ એન્જીનની પરીક્ષણ કઇ સ્પેસ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું છે ?

(A) ISRO, ભારત (B) JAXA, જાપાન (C) ESA, યુરોપ (D) NASA, USA

(૧૫૭) તાજેતરમાં યુરોપિયન કોઉંન્સિલના અધ્યક્ષ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?

(A) ચાર્લ્સ મિશેલ (B) એન્ટોનિયો કોસ્ટા (C) સેમ એન્ટોનિયો (D) ચાર્લ્સ મેકલેગન



Scanned with CamScanner

(૧૫૮) ક્યાં મીશન અંતર્ગત ૨૦૨૬ માં ઈસરો દ્વારા SSVLપ્રથમ સમર્પિત કોમર્શિયલ લોન્ચિંગ કરવામાં આવશે ?

(A) મીશન પ્રકાશ (B) મીશન ઇંદ્ર (C) મીશન શક્તિ (D) મીશન મૈત્રી

(૧૫૯) ચંદ્ર પર ( far side)થી ખડકો પૃથ્વી પર લાવનાર પ્રથમ દેશ કયો બન્યો છે ?

(A) ચીન (B) રશિયા (C) ભારત (D) USA

(૧૬૦) મેઘાલય દ્વારા તાજેતરમાં શરુ કરાયેલ રાજ્યની માલિકીના OTT પ્લેટફોર્મનું નામ શું છે ?

(A) હેલો મેઘાલય (B) નમસ્તે મેઘાલય (C) HI મેઘાલય (D) જયહિન્દ મેઘાલય

(૧૬૧) કથન : બધા સૈનિકો પુરુષ છે. કેટલાક નાગરિક સૈનિક છે.

નિષ્કર્ષ : 1. કેટલાક નાગરિક પુરુષ છે.

2. બધા જ સૈનિક નાગરિક છે.

(A) માત્ર 1 જ સાચું છે (B) માત્ર 2 જ સાચું છે.

(C) 1 અને 2 બંને સાચા છે. (D) 1 અને 2 બંને ખોટા છે.

(૧૬૨) કથન: (a) All teachers are fathers.

(b) All boys are teachers.

નિષ્કર્ષ: (A) Some fathers are boys. (B) All boys are fathers.

(C) No boy is a father. (D) Some teachers are boys.

(૧૬૩) કથન : (a) All knowledge is good.

(b) All knowledge is difficult.

નિષ્કર્ષ : (A) All good things are difficult. (B) Easy things are not knowledge.

(C) All difficult things are knowledge. (D) Some good things are difficult.

(૧૬૪) કથન : It is faster to travel by air from Delhi to Bombay.

નિષ્કર્ષ : 1. Delhi and Bombay are connected by air services.

2. There is no other means of communication between Delhi and Bombay.

(A) માત્ર 1 જ સાચું છે. (B) માત્ર 2 જ સાચું છે.

(C) 1 અને 2 બંને સાચા છે. (D) 1 અને 2 બંને ખોટા છે.

(૧૬૫) નીચેનામાંથી કયું પદ ખોટું છે તે ઓળખો.

582, 605, 588, 611, 634, 617, 600

(A) 588 (B) 634 (C) 617 (D) 611



Scanned with CamScanner

(૧૬૬) શ્રેણી પૂર્ણ કરો.

GTZ, FSY, ERX, DQW, ......

(A) PVC (B) VCP (C) CVP (D) CPV

(૧૬૭) શ્રેણી પૂર્ણ કરો.

DCXW, FEVU, HGTS, ......

(A) LKPO (B) ABYZ (C) JIRQ (D) LMRS

(૧૬૮) શ્રેણી પૂર્ણ કરો.

5, 16, 51, 158, .....

(A) 481 (B) 483 (C) 1452 (D) 1454

(૧૬૯) 01 : 04 : : 05 : .......

(A) 06 (B) 16 (C) 25 (D) 36

(૧૭૦) 03 : 10 : : 08 : .......

(A) 10 (B) 16 (C) 14 (D) 17

(૧૭૧) Tree : Root : : Smoke : .......

(A) Cigarette (B) Fire (C) Heat (D) Chimney

(૧૭૨) મહેશ જન્મ તારીખ તા03 - 03 - 1980 છે. રમેશ મહેશ કરતા ચાર દિવસ મોટો છે. જો 1980 ના વર્ષમાં પ્રજાસત્તાક દિવસ શનિવારે હોય, તો રમેશ ની જન્મતારીખે કયો વાર હતો?

(A) ગુરૂવાર (B) બુધવાર (C) સોમવાર (D) મંગળવાર

(૧૭૩) જો કોઈ ઘડિયાળમાં 12 કલાક અને 55 મિનિટ થઈ હોય, તો કલાક અને મિનિટ કાંટા વચ્ચે કેટલો ખૂણો બનશે?

(A) 60° (B) 59.5° (C) 58.5° (D) 57.5°

(૧૭૪) જો પ્રતિબિંબમાં સમય 9 કલાક 15 મિનિટ થઈ હોય, તો વાસ્તવિક સમય શું હશે?

(A) 3:45 (B) 9:15 (C) 3:15 (D) એક પણ નહીં

(૧૭૫) જો વાસ્તવિક સમય 5 કલાક 15 મિનિટ થયો હોય, તો પ્રતિબિંબમાં શું સમય દેખાશે?

(A) 5:15 (B) 9:25 (C) 7:15 (D) 6:15

(૧૭૬) જો A નો અર્થ +, B નો અર્થ -, C નો અર્થ ×, D નો અર્થ ÷ હોય, તો નીચેનામાંથી કયું કથન સાચું છે?

(A) 8B6D2A4C3 = 15 (B) C9B9D9A9 = 17 (C) 8A8B8C8 = (-48) (D) 3A3B3C3D3 = 41

(૧૭૭) પાંચ વિદ્યાર્થીઓ હરોળમાં બેઠા છે L ની જમણી બાજુ S છે અને ડાબી બાજુ P છે પણ તે K ની જમણી બાજુ છે Q ની ડાબી બાજુ S છે, તો ડાબી બાજુથી પંક્તિમાં પહેલું કોણ બેઠું છે?

(A) K (B) L (C) P (D) S



Scanned with CamScanner

(૧૭૮) એક ફિલ્મ મહોત્સવમાં આઠ ફિલ્મો બતાવવામાં આવશે. J, K, L, M, N, P, Q અને R પ્રદર્શનના ક્રમની શરતો નીચે મુજબ છે.

L ની તરત પહેલા N બતાવશે J ને ત્રીજા ક્રમે તથા Q ને 5 માં ક્રમે બતાવવામાં આવશે. જો P ના તરતજ બાદમાં N ને બતાવવામાં આવે, તો P કયા સ્થાને બતાવવામાં આવશે?

(A) ત્રીજા (B) ચોથા (C) પાંચમાં (D) છઠ્ઠા

(૧૭૯) આઠ છોકરીઓ એક ચોરસના કેન્દ્ર તરફ મો રાખી, તે ચોરસના ખૂણાઓ તથા તેની બાજુની મધ્યમાં બેઠી છે. મધુ ઉષાની વિકર્ણમાં બેઠી છે, જે ગીતાની જમણી બાજુ છે. ગીતાથી આગળ રીટા ગોપીની સામે છે જે બીનાની ડાબી બાજુએ છે. સુમાની સ્થિતિ મધુની જમણે ન હોતા પ્રેમાની સામે છે, તો બીનાની સામે કોણ છે?

(A) ગીતા (B) પ્રેમા (C) સુમા (D) મધુ

નીચે આપેલ માહિતી એક પરિવારનો માસિક ખર્ચ અને બચત રૂપિયા 8000 છે તો આપેલી

** માહિતીનો અભ્યાસ કરીને નીચેના પ્રશ્નોના જવાબ આપો.(૧૮૦-૧૮૩)

ભોજન -> 120° રહેઠાણ -> 105° બચત -> 60° શિક્ષણ -> 30° અને અન્ય -> 45°

(૧૮૦) ભોજન પર કરાયેલ ખર્ચ અને બચતનો ગુણોત્તર શોધો.

(A) 3 : 2 (B) 2 : 1 (C) 4 : 3 (D) 3 : 4

(૧૮૧) પરિવારનો કુલ માસિક ખર્ચ કેટલો છે?

(A) Rs. 40,000 (B) Rs. 48,000 (C) Rs. 45,000 (D) Rs. 50,000

(૧૮૨) ભોજન પર રહેઠાણની તુલનામાં કેટલો વધુ ખર્ચ થાય છે?

(A) Rs. 1000 (B) Rs. 2000 (C) Rs. 2500 (D) Rs. 3000

(૧૮૩) શિક્ષણ પર કેટલો ખર્ચ થાય છે?

(A) Rs. 3000 (B) Rs. 5000 (C) Rs. 4000 (D) Rs. 7000

(૧૮૪) 200 ગુણના પ્રશ્નપત્રમાં 100 કે તેથી ઓછા ગુણ આવવાની સંભાવના કેટલી થાય?

(A) 1/2 (B) 100/201 (C) 101/200 (D) 101/201

(૧૮૫) એક વર્ગના 30 વિદ્યાર્થીઓની સરેરાશ ઉંમર 16 વર્ષ છે. જો તેમાં શિક્ષકની ઉંમર ઉમેરવામાં આવે તો ઉંમરમાં એક વર્ષનો વધારો થાય છે, તો શિક્ષકની ઉંમર કેટલી હશે?

(A) 47 (B) 42 (C) 31 (D) 30

(૧૮૬) 15, 98, 56, 87, 38, 45, 62 અને 77 નો મધ્યસ્થ શું થાય?

(A) 62 (B) 59 (C) 56 (D) આ પૈકી એક પણ નહીં.



Scanned with CamScanner

(૧૮૭) જો Z - M = 3 અને Z + M = 45 હોય, તો સરાસરી શું થાય?

(A) 19.5 (B) 17.5 (C) 39 D) આ પૈકી એક પણ નહીં.

(૧૮૮) જો 24, 31, 25, m, 52, 58, 78, 76 નો બહુલક 24 હોય, તો m બરાબર શું થાય?

(A) 58 (B)78 (C) 76 (D) 24

(૧૮૯) 3100 માં કઈ સંખ્યા ઉમેરતા તે સંખ્યા પૂર્ણવર્ગ સંખ્યા બને?

(A) 21 (B) 49 (C) 36 (D) 14

(૧૯૦) 8019 ને કઈ નાનામાં નાની સંખ્યા વડે ભાગવાથી તે સંખ્યા પૂર્ણઘન સંખ્યા બને છે?

(A) 11 (B) 9 (C) 3 (D) 12

(૧૯૧) 400 અને 25ના લ.સા.અ.ને ગુ સા અ. વડે ભાગતા કઈ સંખ્યા મળે?

(A) 11 (B) 16 (C) 25 (D) 10

(૧૯૨) પંકજ, પલ અને પ્રતિમાને મેદાનનું એક ચક્કર પૂર્ણ કરતા 12 સેકન્ડ, 18 સેકન્ડ અને 15 સેકન્ડ જેટલો સમય લાગે છે, તો કેટલા સમય પછી ત્રણે આરંભબિંદુએ ભેગા મળશે?

(A) 2 મિનિટ (B) 3 મિનિટ (C) 3 મિનિટ અને 20 સેકન્ડ (D) 1 મિનિટ અને 20 સેકન્ડ

(૧૯૩) 0.000064 ના વર્ગમૂળનું ઘનમૂળ શું થાય?

(A) 0.002 (B) 0.2 (C) 0.02 (D) આ પૈકી એક પણ નહીં.

(૧૯૪) જો $3^{(3X-1)} = 37/3^{(-2)}$ હોય, તો X બરાબર કેટલા થાય?

(A) 1 (B) 0 (C) 3 (D) 2

(૧૯૫) સાદા વ્યાજે કોઈ રકમ 30 વર્ષમાં 3 ગણી થતી હોય, તો વ્યાજનો દર કેટલો થાય?

(A) 8% (B) 5% (C) 4% (D) 6%

(૧૯૬) Rs. 7,500 નું 4% લેખે બે વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ કેટલું થાય?

(A) 612 (B) 618 (C) 624 (D) 606

(૧૯૭) એક ઘડિયાળને રૂપિયા 360 માં વેચતા વેપારીને 20 ટકા નુકસાન થાય છે, તો રૂપિયા 585 માં વેચતા કેટલા ટકા ફાયદો થાય?

(A) 18% (B) 27% (C) 25% (D) 30%

(૧૯૮) એક વ્યક્તિ બે રૂપિયાની ત્રણ પેન્સિલ લઈ ત્રણ રૂપિયામાં બે પેન્સિલ વેચે છે, તો તેને કેટલા ટકા નફો થાય?

(A) 50% (B) 125% (C) 80% (D) 120%



Scanned with CamScanner

(૧૯૯) 5 માણસો એક દિવસના 6 કલાક લાખ કામ કરીને 10 રમકડા 12 દિવસમાં તૈયાર કરી શકે છે, તો એક દિવસના 16 કલાક કામ કરીને 12 માણસો 16 રમકડા કેટલા દિવસમાં તૈયાર કરી શકે?

(A) 71 (B) 5 (C) 7 (D) 3

(૨૦૦) રામ 10 દિવસમાં કામ કરે છે, શ્યામ તે કામ 15 દિવસમાં કરે છે. પરંતુ 5 દિવસ પછી શ્યામ ચાલ્યો જાય છે, તો રામને તે કામ પૂરું કરતા કેટલો સમય લાગશે?

(A) 6/5 દિવસ (B) 7/3 દિવસ (C) 4/3 દિવસ (D) 5/3 દિવસ

.......................................... Best of Luck ............................



Page 21 of 21

Scanned with CamScanner